### તંત્રની નબળી કામગીરી સામે લોકોનો ઉગ્ર વિરોધ

# વડોદરામાં પાલિકાના દાવાની પોલ ખુલ્લી: મહાવીર હોલ ચાર રસ્તા પાસે વધુ એક ઘોર ભુવો

**અજવા** રોડ જેવા વ્યસ્ત માર્ગ પર પડતાં ગાબડાથી વાહનચાલકોના જીવ જોખમમાં

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

સંસ્કારી નગરી વડોદરામાં ચોમાસા દરમિયાન રોડ-રસ્તાઓની બિસ્માર હાલત અને ઠેર-ઠેર પડતા ભુવાઓની સમસ્યા હવે સામાન્ય બની ગઈ છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા અજવા રોડ પર મહાવીર હોલ ચાર રસ્તા નજીક આજે વધુ એક વિશાળ ભુવો પડતાં વડોદરા મહાનગરપાલિકાની નબળી કામગીરીની પોલ છતી થઈ છે. અવારનવાર પડતા ભુવાઓને કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભારે અસંતોષ અને રોષની લાગણી જન્મી છે.



મળતી માહિતી મુજબ, મહાવીર હોલ ચાર રસ્તા જેવો વ્યસ્ત વિસ્તાર જ્યાંથી દિવસ-રાત હજારો વાહનો પસાર થાય છે, ત્યાં અચાનક રોડ બેસી જતાં એક મોટો અને ઊંડો ભુવો પડી ગયો હતો. સદનસીબે જ્યારે આ ઘટના બની ત્યારે કોઈ વાહનચાલક તેની ચપેટમાં આવ્યો ન હતો, જેથી મોટી દુર્ઘટના ટળી હતી. જોકે, મુખ્ય રસ્તા પર પડેલા આ ગાબડાને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી અને રાત્રિના સમયે અકસ્માત થવાનું ભારે જોખમ ઊભું થયું છે.

આ ઘટના બનતા જ આસપાસના સ્થાનિક લોકો અને વેપારીઓ સ્થળ પર એકઠા થઈ ગયા હતા અને પાલિકા તંત્ર સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે, આ વિસ્તારમાં અગાઉ પણ ડ્રેનેજ અને પીવાના પાણીની પાઈપલાઈનના કામો બાદ યોગ્ય પુરાણ કે રીપેરિંગ ન કરવાને કારણે વારંવાર રસ્તાઓ બેસી જાય છે. પાલિકા દ્વારા માત્ર ઉપરછલ્લું સપાટીકામ કરીને સંતોષ માની લેવામાં આવે છે, જેના પરિણામે પ્રજાના ટેક્સના નાણાંનો વ્યય થાય છે અને લોકોનો જીવ જોખમમાં મુકાય છે. સ્થાનિક રહીશોએ તંત્ર સામે આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતું કે, વડોદરા કોર્પોરેશન દ્વારા ચોમાસા પહેલા લાખો રૂપિયાના ખર્ચે પ્રી-મોન્સૂન કામગીરીના દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં પ્રથમ વરસાદ કે સામાન્ય પાણીના ભરાવા સાથે જ શહેરના માર્ગો ધોવાઈ જાય છે.

### ફરી હવામાન પલટાની આગાહી

# ૫ ઓક્ટોબર સુધી હાથીયા વરસાદની શક્યતા : તાપમાન ૩૩.૬ ડીગ્રી નોંધાયું

**ગુજરાતના** કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના, 5 ઓક્ટોબર સુધી હાથીયો વરસવાની શક્યતા

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

વડોદરા હવામાન વિભાગ મુજબ શહેરમાં કોઈ વરસાદ નોંધાયો નથી. મહત્તમ તાપમાન 33.6 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા 1.5 ડિગ્રી ઓછું હતું, જ્યારે લઘુતમ તાપમાન 25.4 ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગની 7 દિવસની આગાહી મુજબ વડોદરામાં આગામી સપ્તાહ સુધી આંશિકથી સામાન્ય વાદળછાયું વાતાવરણ રહેશે. તા.28 અને 29 સપ્ટેમ્બરે મહત્તમ તાપમાન 34 ડિગ્રીની આસપાસ રહેશે, જ્યારે 30 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર દરમિયાન મહત્તમ તાપમાન 35થી 36 ડિગ્રી સુધી પહોંચી શકે છે. હાલ પૂરતું કોઈ વોર્નિંગ આપવામાં આવી નથી.



રાજ્યમાં ફરી એક વખત હવામાનમાં પલટો આવવાની આગાહી હવામાન નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી છે. આજથી ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે અને 5 ઓક્ટોબર સુધી હાથીયા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. લોકવાયકા મુજબ હાથીયો જો ગાજવીજ સાથે વરસે તો તે આવતા વર્ષના ચોમાસા અંગેના સંકેત આપે છે. તેમજ હાથીયો ગર્જે ત્યારે તીડ ભાગી જાય છે તેવી પણ લોકમાન્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ 13થી 15 ઓક્ટોબર દરમિયાન ગુજરાતમાં હવામાનમાં મોટો પલટો જોવા મળી શકે છે અને ત્યારબાદ 15 ઓક્ટોબરથી અન્ય ભાગોમાં પણ વાતાવરણ બદલાશે.

### મુંબઈ ખાતે યોજાયેલી 'ASSKA એશિયા કપ-૨૦૨૬' માં ૮ દેશોના ખેલાડીઓને પછાડીને મેળવ્યો બ્રોન્ઝ મેડલ

# આંતરરાષ્ટ્રીય સ્તરે વડોદરાનું ગૌરવ, હિયા શાહે કરાટે ચેમ્પિયનશિપમાં ડંકો વગાડ્યો

વડોદરાના યુવા વર્ગમાં ખેલકૂદ પ્રત્યેનો ઉત્સાહ વધ્યો

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

શહેરની પ્રતિભાવાન દીકરી હિયા શાહે મુંબઈ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત 'ASSKA ASIA CUP - 9 મી ઈન્ટરનેશનલ ઓપન કરાટે ચેમ્પિયનશિપ - 2026' માં અદભુત પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ અને ટ્રોફી પોતાના નામે કરી છે. આ ભવ્ય વિજય સાથે હિયાએ માત્ર પોતાના પરિવારનું જ નહીં, પરંતુ સમગ્ર વડોદરા અને ગુજરાત રાજ્યનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવાન્વિત કર્યું છે. આ ટુર્નામેન્ટનું આયોજન Asian Shito-Ryu Seikikai Sports Karate-Do Association (Member : Japan Karate-




Do Seikikai International) દ્વારા કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારત સહિત શ્રીલંકા, નેપાળ, મલેશિયા, બાંગ્લાદેશ, ભૂતાન, ઈન્ડોનેશિયા અને કતાર સહિત કુલ ૮ દેશોના નામાંકિત ખેલાડીઓએ ભાગ લીધો હતો. આટલી મોટી વૈશ્વિક સ્તરની સ્પર્ધામાં વિવિધ દેશોના ટક્કરના ખેલાડીઓને મ્હાત આપીને મેડલ મેળવવો એ હિયાની અસાધારણ મહેનત, દ્રઢ સંકલ્પ અને શિસ્તબદ્ધ ટ્રેનિંગનું પરિણામ છે. આ વૈશ્વિક સિદ્ધિ બદલ હિયા શાહ પર ચારેય બાજુથી અભિનંદન વર્ષા થઈ રહી છે. સ્થાનિક અગ્રણીઓ, શાળાના શિક્ષકો, પરિવારજનો અને કરાટે કોચે હિયાની આ સફરને બિરદાવી છે. આ અંગે હિયા શાહે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય મંચ પર મેડલ જીતીને દેશ અને શહેરનું નામ રોશન કરવું એ મારા માટે અત્યંત ગર્વની ક્ષણ છે અને મારા પરિવાર તેમજ કોચના માર્ગદર્શન વગર આ સફળતા અશક્ય હતી. હિયાની આ ભવ્ય સફળતાથી વડોદરાના યુવા વર્ગમાં ખેલકૂદ પ્રત્યેનો ઉત્સાહ વધુ વધ્યો છે અને તે અન્ય યુવતીઓ માટે પણ એક પ્રેરણારૂપ ઉદાહરણ બની છે.

### પશુ ચિકિત્સકો અને ડોગ કેચર્સની ટીમે કામગીરી સંભાળી

# વર્લ્ડ રેબીસ ડે નિમિત્તે VMC-NGOનું અભિયાન, ૧૬૦થી વધુ શ્વાન-બિલાડીઓનું રસીકરણ

**સયાજીગંજ**, અકોટા અને વિશ્વામિત્રી સહિતના વિસ્તારોમાં ૩ દિવસ ચાલેલી ઝુંબેશ

(પ્રતિનિધિ ) વડોદરા તા.8

શહેરમાં રખડતા પ્રાણીઓ અને હડકવાના જોખમ સામે નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક સરાહનીય પહેલ કરવામાં આવી છે. 'વર્લ્ડ રેબીસ ડે' ના વિશેષ અવસર પર પાલિકા તંત્રએ વિવિધ સ્વયંસેવી સંસ્થાઓ સાથે મળીને રખડતા કૂતરાઓ અને બિલાડીઓ માટે ત્રણ દિવસીય વિશેષ વેક્સિનેશન ડ્રાઇવ નું સફળ આયોજન કર્યું હતું.

આ વિશિષ્ટ ઝુંબેશ વડોદરા મહાનગરપાલિકા, 'હ્યુમન વર્લ્ડ ફોર એનિમલ્સ ઇન્ડિયા' અને



'સ્ટ્રે કેર ફાઉન્ડેશન'ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવી હતી. ૨૬ સપ્ટેમ્બરથી શરૂ થયેલી આ ઝુંબેશ અંતર્ગત શહેરના અકોટા, સયાજીગંજ અને વિશ્વામિત્રી રોડ જેવા વિભિન્ન વિસ્તારોમાં જઈને રખડતા પ્રાણીઓને શોધીને તેમને રસી આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સંસ્થાના પ્રતિનિધિ પારુલ ગોલિયાના જણાવ્યા મુજબ, માત્ર હડકવા વિરોધી રસી જ નહીં પરંતુ પ્રાણીઓ માટે 'ફાઈવ-ઈન-વન' વેક્સિન અને પ્રાથમિક હેલ્થ ચેકઅપની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ રખડતા કૂતરાઓ અને બિલાડીઓનું સફળતાપૂર્વક રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ કામગીરી માટે મહાનગરપાલિકા અને ફાઉન્ડેશનના વેટરનરી ડોક્ટરો, કેચર્સ તેમજ હેન્ડલર્સ અને કમ્યુનિટી એન્ગેજમેન્ટ ટીમ દ્વારા સ્થળ પર જઈને પ્રાણીઓને પકડી સુરક્ષિત રીતે રસી આપવામાં આવી હતી. સામાન્ય રીતે રખડતા કૂતરા કે બિલાડીઓમાં હડકવાનો ચેપ ફેલાવાનો ભય રહે છે, અને તે જ્યારે મનુષ્યને કરડે ત્યારે માણસમાં પણ હડકવા જેવો ઘાતક રોગ થવાની શક્યતા વધી જાય છે. આ ઝુંબેશથી પ્રાણીઓમાં હડકવાનો ખતરો નહિવત થઈ જશે, જેનાથી શહેરના નાગરિકો માટે પણ સુરક્ષિત વાતાવરણ નિર્માણ પામશે.

### ૩૦થી વધુ જગ્યાઓ માટે યોજાશે ઇન્ટરવ્યૂ

# વડોદરામાં ૨૯ સપ્ટેમ્બરે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળાનું આયોજન

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુઈબી), વડોદરા દ્વારા આગામી તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળા તથા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો, સી બ્લોક, ચમેલી બાગ, કમાટી બાગની સામે, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં, વડોદરા ખાતે યોજાશે. આ ભરતીમેળામાં વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારીની તકો પૂરી પાડવાના હેતુથી વિવિધ કંપનીઓ દ્વારા સીધી ભરતી માટે ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવશે. ભરતીમેળામાં બી.ઈ. (મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ), એમ.કોમ. અને એમ.બી.એ. (માર્કેટિંગ) જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ૩૫ વર્ષ સુધીની વયના અનુભવી તેમજ બિનઅનુભવી મહિલા અને પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. ૩૦થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ યોજાશે. આ ઉપરાંત, ભરતીમેળામાં ઉમેદવારોને વિદેશમાં શિક્ષણ અને રોજગારીની તકો, સુરક્ષિત અને કાયદેસર સ્થળાંતર, પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના, પ્રધાનમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના, પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના તેમજ સ્વરોજગાર માટેની લોન અને સહાય યોજનાઓ, સ્ટાર્ટઅપ અને સ્ટેન્ડઅપ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, વ્યવસાયલક્ષી તાલીમ, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને ઓનલાઈન રોજગારીની તકો અંગે કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. અનુબંધમ અને રાષ્ટ્રીય કારકિર્દી સેવા (એન.સી.એસ.) પોર્ટલના ઉપયોગ અંગે માર્ગદર્શન સાથે નિઃશુલ્ક નામ નોંધણી કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ભરતીમેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રોની અસલ તથા ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝના ફોટા અને બાયોડેટાની ત્રણ નકલ સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

### ફરૂખાબાદ ઘરાનાના પ્રખ્યાત તબલા ગુરુ પં. આનંદ બાદામીકર આપશે તાલીમ

# એમએસયુની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાં દ્વિદિવસીય રાષ્ટ્રીય તબલા કાર્યશાળા

Tradition and Innovation in Tabla Repertoire વિષય પર ચર્ચા

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના તબલા વિભાગ દ્વારા સંગીતના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ દ્વિદિવસીય રાષ્ટ્રીય તબલા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. 29 અને 30 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાનારી આ કાર્યશાળામાં ફરૂખાબાદ ઘરાનાના પ્રસિદ્ધ તબલા વાદક અને ગુરુ પં. આનંદ બાદામીકર મુખ્ય માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહેશે.

પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના જણાવ્યા અનુસાર, આ કાર્યશાળાનો મુખ્ય વિષય



Tradition and Innovation in Tabla Repertoire રાખવામાં આવ્યો છે. જેમાં પરંપરા અને આધુનિકતાનો સમન્વય કેવી રીતે સાધી શકાય તેના પર વિશેષ ભાર મૂકવામાં આવશે. પં. આનંદ બાદામીકર આ કાર્યશાળા દરમિયાન વિદ્યાર્થીઓને ફરૂખાબાદ ઘરાનાની પ્રાચીન અને પરંપરાગત બંદિશો, કાયદા, રેલા, ટુકડા અને પરનોનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન આપશે. માત્ર પરંપરાગત રચનાઓ જ નહીં, પરંતુ તબલાની વિવિધ રચનાઓમાં નવીન અને સર્જનાત્મક વિચારો કેવી રીતે વિકસાવી શકાય, આધુનિક મંચ પ્રસ્તુતિમાં કેવા પ્રયોગો કરી શકાય તે અંગે પણ તેઓ પ્રાયોગિક તાલીમ આપશે. ફરૂખાબાદ ઘરાના તેની ખુલ્લી અને મધુર થાપ, સ્પષ્ટ બોલ અને સર્જનાત્મક વિસ્તાર માટે વિશ્વભરમાં જાણીતું છે.

ત્યારે આ ઘરાનાના નિષ્ણાત પાસેથી સીધું શીખવાની તક એમ.એસ.યુનિ.ના વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વની સાબિત થશે. આ કાર્યશાળા વિદ્યાર્થીઓની માત્ર તબલા વાદનની ટેકનિકલ ક્ષમતા જ નહીં, પરંતુ તેમની સંગીતની એકંદર સમજ, સર્જનાત્મકતા અને મંચ પ્રસ્તુતિની કળાને પણ વધુ નિખારશે. ભવિષ્યમાં સંગીત ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે આ કાર્યશાળા માર્ગદર્શક બની રહેશે, તેવો વિશ્વાસ ફેકલ્ટી દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

### સરકારી યોજનાઓ અને સ્વરોજગાર અંગે માર્ગદર્શન અપાશે

# વડોદરામાં 30થી વધુ જગ્યાઓ માટે રોજગાર ભરતીમેળો

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુઈબી), વડોદરા દ્વારા આગામી તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળા તથા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો, સી બ્લોક, ચમેલી બાગ, કમાટી બાગની સામે, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં, વડોદરા ખાતે યોજાશે.

આ ભરતીમેળામાં વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારીની તકો પૂરી પાડવાના હેતુથી વિવિધ કંપનીઓ દ્વારા સીધી ભરતી માટે ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવશે. ભરતીમેળામાં બી.ઈ. (મિકેનિકલ,



ઈલેક્ટ્રિકલ), એમ.કોમ. અને એમ.બી.એ. (માર્કેટિંગ) જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ૩૫ વર્ષ સુધીની વયના અનુભવી તેમજ બિનઅનુભવી મહિલા અને પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. ૩૦થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ યોજાશે. આ ઉપરાંત, ભરતીમેળામાં ઉમેદવારોને વિદેશમાં શિક્ષણ અને રોજગારીની તકો, પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના, તેમજ સ્વરોજગાર માટેની લોન અને સહાય યોજનાઓ, સ્ટાર્ટઅપ અને સ્ટેન્ડઅપ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

# હાજી શરીફભાઈ કાપડિયાના ઈસાલે સવાબ માટે કુરઆન ખ્વાની



(પ્રતિનિધિ ) વડોદરા તા.28

ઈસાલે સવાબ માટે કુરઆન ખ્વાની વડોદરા. ઈ. સોસાયટીના જોઈન્ટ સેક્રેટરી હાજી શરીફભાઈ કાપડિયાના દુઃખદ અવસાન નિમિત્તે મરહુમના ઈસાલે સવાબ માટે એમ.ઈ.એસ. પ્રાથમિક શાળા, મોગલવાડા શાળા પરિવાર દ્વારા કુરઆન ખ્વાનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના મંત્રી કાસિમલ મુનશી તેમજ શાળાના આચાર્ય સાહેદા બેન પઠાણ તથા સુપરવાઈઝર જમીલ સર સહિત શાળાના તમામ શિક્ષકો અને સ્ટાફગણ હાજર રહ્યા હતા. ઉપસ્થિત સૌએ દિવંગત આત્માની મગફિરત માટે દુઆ કરી હતી અને પરિવારજનોને આ દુઃખની ઘડીમાં સાંત્વના પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન કુરઆન પઠન કરી ઈસાલે સવાબ અર્પણ કરવામાં આવ્યો હતો.

### પીપલોદમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાને લઈને સવાલો

# કાચા મકાન ધરાવતા અરજદારોના નામ યાદીમાં ન હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

(પ્રતિનિધિ ) દાહોદ, તા.28

દાહોદ જિલ્લાના દેવગઢબારિયા તાલુકાના પીપલોદ ગામે પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે ગ્રામજનોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા અને વોટ્સએપ ગ્રુપમાં ફરતા આવાસ યોજનાના લિસ્ટમાં 182 મકાનો મંજૂર થયાનો દાવો થઈ રહ્યો છે.

જોકે, ગ્રામજનોના આક્ષેપ મુજબ લુહાર ફળિયામાં બે-ત્રણ કાચા મકાનો ધરાવતા પરિવારોના નામ આ યાદીમાં જોવા મળતા નથી, જ્યારે કેટલાક પાકા મકાનો ધરાવતા લોકોના નામ હોવાનો દાવો ગામ જણો કરી રહ્યા છે.કે તેમના પાકા મકાન હોવા છતાં તપાસ કરવા આવીલ ટીમ દ્વારા કેવી તપાસ કરવામાં



આવી હશે કે એમના પણ મકાનો પાસ થયા છે. લુહાર ફળિયાના અર્જુનભાઈ મગનભાઈ લુહારે આક્ષેપ કર્યો છે કે તેમના કાચા મકાનના ગ્રામ પંચાયત દ્વારા ચાર વખત ફોટા પાડવામાં આવ્યા હોવા છતાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની યાદીમાં તેમનું નામ કેમ આવ્યું નથી તે અંગે તપાસ થવી જોઈએ. ટીનાબેન દીપસિંગભાઈએ પણ જણાવ્યું કે આવાસ યોજનાના ફોર્મ ભરવા માટે ગ્રામ પંચાયતના કર્મચારીઓ તેમના ઘરે બે-ત્રણ વખત આવ્યા હતા અને મકાનના ફોટા પણ પાડવામાં આવ્યા હતા. તેમ છતાં તેમનું નામ યાદીમાં આવ્યું નથી. તેમના જણાવ્યા મુજબ તલાટી પણ સ્થળ પર આવ્યા હતા. ગ્રામજનોની માંગ છે કે પીપલોદ ગામની 182 મકાનોની યાદીની તટસ્થ તપાસ કરવામાં આવે અને કાચા મકાનો ધરાવતા પરિવારોનો ફરીથી સચોટ સર્વે કરી પાત્ર લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપવામાં આવે. વધુમાં, અગાઉ થયેલી રજૂઆતોની પણ તપાસ કરી જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી છે.

### જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા ફડચાનો હુકમ

# ધી એમ્પ્લો. કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લિ.ના ફડચા અંગે જાહેર નોટિસ

**આધાર**-પુરાવા સાથે રૂબરૂ દાવો રજૂ કરવાનો રહેશે

(પ્રતિનિધિ ) વડોદરા તા.28 લેણાં-માંગણાં ધરાવતા સહકારી સંસ્થાઓ, સરકારી-અર્ધસરકારી કચેરીઓ તથા જાહેર જનતાને એક માસમાં આધાર-પુરાવા સહિત દાવા રજૂ કરવા સુચના જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા દ્વારા ધી એમ્પ્લો કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લિ., ક. ૧૪-૫, ગોરવા એક્સ્ટેન્શન, વડોદરાને ફડચામાં લેવાનો હુકમ કરવામાં આવેલ છે. આ હુકમના અનુસંધાને સહકારી કાયદાની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ હેઠળ ફડચા અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવેલ છે. મંડળીની કાર્યવાહી દરમિયાન મંડળી પાસેથી કોઈ લેણું કે માંગણું બાકી હોય તેવા સહકારી સંસ્થાઓ, સરકારી/અર્ધસરકારી કચેરીઓ તથા જાહેર જનતાને આથી જણાવવાનું કે, આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી એક માસની અંદર પોતાના લેણાં-માંગણાં અંગેના આધાર-પુરાવા સહિતનો દાવો રૂબરૂ રજૂ કરવાનો રહેશે.

### જયેશ ઠક્કર દ્વારા આયોજીત માઁ શક્તિ ગરબા મહોત્સવ

# ૨૭મા વર્ષ માટે નવા ગ્રાઉન્ડ પર તૈયારીઓ આરંભી દેવાઈ

આ વર્ષે ગોત્રી વિસ્તાર માં યોજાશે માઁ શક્તિ ગરબા મહોત્સવ

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

વડોદરાની નવરાત્રીની આગવી ઓળખ સમાન માઁ શક્તિ ગરબા મહોત્સવ ના ૨૭મા વર્ષના ભવ્ય આયોજન માટે તૈયારીઓનો પ્રારંભ નવા સ્થળે ધ્વજારોહણ સાથે કરવામાં આવ્યો છે. વર્ષોથી ભક્તિ, પરંપરા અને સંસ્કારને કેન્દ્રમાં રાખીને યોજાતા આ નોન-કોમર્શિયલ ગરબા મહોત્સવને લઈને આયોજકો અને ગરબા રસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જાણીતી મ્યુઝિકલ બેલડી અચલ મહેતા તથા કૌશિક મિસ્ત્રી ના ઋષભ ગ્રુપ દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ રંગત જામશે. વધુ માઁ જણાવતા આયોજક તથા



સંવેદન ચેરિટેબલ ટ્રસ્ટ ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જયેશ ઠક્કર જણાવે છે, ₹માઁ શક્તિ ગરબા મહોત્સવની વિશેષતા એ છે કે તેના પ્રથમ વર્ષથી જ યુવતીઓ માટે પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે. હું આખું વર્ષ માતાજી ની કૃપા થી કમાવ છું, ૯ દિવસ શક્તિ સ્વરૂપ બેન, દિકરીઓ ના પૈસા ના લેવાય. ભાઈઓ માટે પણ સિક્યોરિટી અને વ્યવસ્થાના ભાગરૂપે રજીસ્ટ્રેશન તથા વ્યાજબી કિંમતે પાસ વહેંચાણ રાખવામાં આવે છે. આ વર્ષે અમે ગોત્રી માં કોલેબેરા કંપની પાછળ ના ગ્રાઉન્ડ પર ગરબા આયોજન કરી રહ્યા છીએ. આ મહોત્સવને સંપૂર્ણપણે નોન-કોમર્શિયલ રાખવાની પરંપરા જાળવવામાં આવી છે. આયોજન માટે કોઈપણ પ્રકારની બાહ્ય જાહેરાતો કે સ્પોન્સરશિપ સ્વીકારવામાં આવતી નથી. આ કારણે વર્ષોથી માઁ શક્તિ ગરબા મહોત્સવ પોતાની આગવી ઓળખ અને પરંપરા જાળવી રાખી છે. આયોજકો જયેશ ઠક્કર તથા આરતી ઠક્કર દ્વારા દર વર્ષે ગરબાના ડેકોરેશન, થીમ અને સમગ્ર આયોજનમાં પરંપરાગત તથા ધાર્મિક ભાવનાને પ્રાધાન્ય આપવામાં આવે છે. ગુજરાતી સંસ્કૃતિ, શ્રદ્ધા તથા માતાજીની ભક્તિની પવિત્રતા જળવાઈ રહે તે માટે ખાસ કાળજી લેવામાં આવે છે.

### વડોદરા બાર એસોસિએશનમાં

# પ્રમુખ હસમુખ ભટ્ટની ચૂંટણી નહીં લડવાની જાહેરાતથી વકીલ મંડળમાં હડકંપ

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

વડોદરા ન્યાય મંદિર ખાતે બરોડા બાર એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા દરમિયાન વિવિધ મુદ્દાઓને લઈને વકીલો વચ્ચે ચર્ચા અને વિરોધનો માહોલ જોવા મળ્યો હતો. આ દરમિયાન બાર એસોસિએશનના વર્તમાન પ્રમુખ વકીલ હસમુખ ભટ્ટે આગામી પ્રમુખપદની ચૂંટણી નહીં લડવાનો નિર્ણય જાહેર કરતાં વકીલ મંડળમાં હડકંપ મચી ગયો હતો.

વડોદરા ન્યાય મંદિર ખાતે બરોડા બાર એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં બાર એસોસિએશનના બંધારણમાં જરૂરી સુધારા-વધારા સહિત વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત વકીલોએ અન્ય પ્રશ્નોને લઈને પણ રજૂઆતો કરી હતી, જેના કારણે સભામાં ગરમાગરમીનો માહોલ સર્જાયો હતો. આ દરમિયાન બરોડા બાર



એસોસિએશનના પ્રમુખ વકીલ હસમુખ ભટ્ટે આગામી યોજાનારી બાર પ્રમુખપદની ચૂંટણીમાં ઉમેદવારી નહીં નોંધાવવાનો નિર્ણય જાહેર કર્યો હતો. સામાન્ય સભામાં થયેલા વિરોધથી તેઓ ખફા હોવાનું પણ સામે આવ્યું હતું. પ્રમુખના આ નિર્ણયની જાણ થતાં વકીલ મંડળમાં ચર્ચા શરૂ થઈ ગઈ હતી. હસમુખ ભટ્ટના સમર્થક એવા અન્ય વકીલોએ તેમને પોતાનો નિર્ણય પરત ખેંચવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, હસમુખ ભટ્ટે પોતાના નિર્ણય પર અડગ રહી આગામી બાર પ્રમુખપદની ચૂંટણી નહીં લડવાનો નિર્ણય યથાવત રાખ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# વડોદરા રેલવે મંડલનો અનુરોધ, મુસાફરો નજીકના સ્ટેશનનો ઉપયોગ કરે

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

વડોદરા મંડલના સુરત-વડોદરા સેક્શનના અતિ વ્યસ્ત ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરાઈ છે. આ અંતર્ગત યાર્ડ રિમોડેલિંગ અને નવી ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમનું કામ તા. 28 સપ્ટેમ્બર 2026થી શરૂ થવા જઈ રહ્યું છે. રેલવે તંત્રના જણાવ્યા મુજબ, આ કામ દરમિયાન ઉત્રાણ સ્ટેશનના ડાઉન પ્લેટફોર્મને હંગામી ધોરણે ડિસ્મેન્ટલ કરવાનું રહેશે. મુસાફરોની સુરક્ષા અને ટ્રેનોના સરળ પરિચાલનને ધ્યાને રાખી તા. 28 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર 2026 સુધી ઉત્રાણ સ્ટેશન પર નીચે મુજબની 6 પેસેન્જર અને મેમુ ટ્રેનોનો હંગામી ધોરણે હોલ્ટ રદ કરવામાં આવ્યો છે. ટ્રેન નં. 59049 વલસાડ-વડોદરા પેસેન્જર, ટ્રેન નં. 19101 વિરાર-ભરૂચ એક્સપ્રેસ, ટ્રેન નં. 69109 સુરત-વડોદરા મેમુ, ટ્રેન નં. 69111 સુરત-વડોદરા મેમુ, ટ્રેન નં. 69171 સુરત-ભરૂચ મેમુ, ટ્રેન નં. 19417 બોરીવલી-વટવા એક્સપ્રેસનો સમાવેશ થાય છે.


"સ્વચ્છ વડોદરા – હરિયાળું વડોદરા"

**વડોદરા મહાનગરપાલિકા**

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા**

**જાહેર નોટીસ**

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ની નવી જોગવાઈઓ અને માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં. 6174/2023માં તા. 19.02.2026ના રોજ આપવામાં આવેલ નિર્દેશ મુજબ વડોદરા શહેરના તમામ એરિયા અને વોર્ડમાં બલ્ક વેસ્ટ જનરેટર (BWGs) માટે કડક અમલીકરણ શરૂ કરવામાં આવ્યું છે.

નવી જોગવાઈઓ મુજબ નીચે દર્શાવેલ કોઈપણ એક માપદંડ ધરાવતાં એકમોને "બલ્ક વેસ્ટ જનરેટર (BWGs)" તરીકે ગણવામાં આવશે:

- જેનું કુલ બાંધકામ ક્ષેત્રફળ 20,000 ચોરસ મીટર કે તેથી વધુ હોય, અથવા
- જેનો દૈનિક પાણીનો વપરાશ 40,000 લિટર કે તેથી વધુ હોય, અથવા
- જેના દ્વારા દૈનિક ઘન કચરાનું ઉત્પાદન 100 કિલોગ્રામ કે તેથી વધુ થતું હોય.

આ નિયમો હેઠળ હોટેલો, રેસ્ટોરન્ટો, ધાર્મિક સંસ્થાઓ, સરકારી તથા અર્ધ-સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, મોટા રહેણાંક એપાર્ટમેન્ટ્સ/ફ્લેટ્સ/સોસાયટીઓ તેમજ વાણિજ્યિક એકમો, શોપિંગ મોલ્સ વગેરેનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત માપદંડ મુજબ જે સંસ્થા અથવા એકમ BWG તરીકે આવે છે, તેમણે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ મુજબ પોતાની સંસ્થામાં ઉત્પન્ન થાતા બાયોડિગ્રેડેબલ (ભીના) કચરાનું સ્થળ પર જ (On-site Processing) પ્રક્રિયા કરવી તેમજ ઉત્પન્ન થાતા સૂકા કચરાનું વૈજ્ઞાનિક રીતે વર્ગીકરણ કરી અધિકૃત રિસાયકલરને આપવું ફરજિયાત રહેશે.

જો કોઈ એકમ દ્વારા ઓન-સાઈટ પ્રોસેસિંગની કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવશે અથવા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે, તો માનનીય સુપ્રીમ કોર્ટના આદેશો તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ મુજબ તેમજ લાગુ પડતા અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ દંડ સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા શહેરને સ્વચ્છ, હરિયાળું અને પર્યાવરણમૈત્રી બનાવવાના આ અભિયાનમાં તમામ સંસ્થાઓ તથા નાગરિકોને સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

પી.આર.ઓ. ૪૪૩/૨૦૨૬-૨૭

મ્યુનિસિપલ કમિશનર
વડોદરા મહાનગરપાલિકા